November 2016

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 11 ● Issue 2 / 119
● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

નવા વર્ષનું આગમન પણ નવી આશા અને નવા ઉત્સાહ સાથે થઈ ગયું છે. દરેક વર્ષ નવા પડકારો લઈને આવે છે, આપણે નવા વરસમાં નવા સંકલ્પ કરીને પડકારોનો સામનો કરવાનો હોય છે. **આપણો દેશ ઝડપથી Traditional Systemમાંથી પરિવર્તિત થઈને Digital System તરફ જઈ રહ્યો છે. પરિવર્તન જીવનનો એક ભાગ છે.** માનવીએ મને કે કમને પરિવર્તન સાથે કદમ મેળવવા જ પડે છે.

**આપણો પાટણ સમાજ સુશિક્ષિત અને સુસંસ્કૃત સમાજ છે.** આપણા યુવક-યુવતીઓ શિક્ષણ દ્વારા અને અનુભવ વડે એકબીજાના સહકારથી ભવિષ્યના પડકાર માટે તૈયાર થઈ રહ્યા છે તે જાણી આનંદનો અનુભવ થાય છે. દિનપ્રતિદિન શિક્ષણ ક્ષેત્રે કે નોકરીમાં, ધંધામાં કે ઉદ્યોગમાં ડગલે ને પગલે Competition જોવા મળે છે. આપણો પાટણ સમાજ પરંપરાગત રીતે વ્યાપાર ધંધામાં પાવરધો છે, પણ હવે જે પ્રમાણે E-Commerceનો યુગ શરૂ થયો છે તેનો આપણે સ્વીકાર કરી અપનાવવો રહ્યો. અંતરરાષ્ટ્રીય સ્તરે તેમજ સરકારી સ્તરે થતાં પરિવર્તનોની સાથે સાથે અસ્તિત્વ ટકાવી રાખવા બદલાવાની જરૂરિયાત અનિવાર્ય છે.

વડાપ્રધાનના ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને ડીમોનેટાઈઝ કરવાના ઐતિહાસિક પગલાને દેશની પ્રજાએ બીરદાવેલ છે. આ પગલાથી દેશની પ્રગતિને વધુ વેગ મળશે. વિકાસ સાધતા દેશોની હરીફાઈમાં આપણા નિકાસકારોને પ્રેરકબળ મળી રહેશે.

આગામી પાંચ વર્ષમાં ડીજીટલ એજ્યુકેશન ક્ષેત્રે દેશ હરણફાળ ભરી શકશે. E-Commerce ના ક્ષેત્રે વિકાસશીલ દેશોમાં ભારતની પણ ગણના થશે, તેમજ અન્ય સંભવિત સુધારાઓ અંગેનો આછેરો ચિતાર તા. ૨૭-૧૧-૨૦૧૬ના ઈનામ વિતરણ સમારંભમાં

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩)

## From President's Desk...

All of us have welcomed the New Year with Hopes and Aspirations. Patanis celebrated the Sneh Sammelan with great enthusiasm by meeting all near and dear ones on Sunday evening, 6th November at the Banquet Hall of Garware Club. It was a historic day where more than 1000 Patanis participated in the Sneh Sammelan. We are grateful to **Shri Manilal Lalluchand Shah Family (Atul Drug House) for their continued & wholehearted Support.** It is memorable to note that this family had the foresight of importance of such Sneh Sammelan and with their full assistance, our PJM has been organising the same for the last 33 years.

Soon thereafter on Tuesday, 8th November, our dynamic Prime Minister Shri Narendrabhai Modi declared Demonetisation and demonstrated the Government's commitment and will to root out the evil of Black Money - Parallel Economy. In fact the country will rapidly convert from the traditional system of Business to Digital era and Banking System.

Patan Jain Mandal has also made important strides in this regard and along with Digital India, we have promoted Digital Patan. Each Maholla is now connected with members of Maholla through the Whats App. Patanis are also ready to meet the challenges that are faced by our Nation and contribute our might for Economic Progress, Power and Social Self Sufficiency.

(Cont'd on Pg 3 )

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન સમારંભ







**સ્નેહ સંમેલનના દાતા પરિવારજનો**

**શ્રી સુનીલભાઈનું અભિવાદન કરતા મંડળના પ્રમુખ તથા ઉપસ્થિત ઉપપ્રમુખો**

**શ્રી સુનીલભાઈનું વક્તવ્ય અને લક્કી ડ્રોના વિજેતાને પારૂબેન દ્વાર પારિતોષિક વિતરણ**

શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પ્રેરિત નૂતનવર્ષ સ્નેહ સંમેલનનું રવિવાર, તા. ૦૬-૧૧-૨૦૧૬ના સાંજે આયોજન કરવામાં આવ્યું હતું. સ્નેહ સંમેલનમાં સ્વાદિષ્ટ વાનગીઓ સાથે ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. આપણા સમાજના સભ્યો બપોરે ૪ વાગ્યાથી ગરવારે ક્લબમાં આવવા શરૂ થયેલ જે પ્રવાહ કાર્યક્રમની સમાપ્તી સુધી ચાલું રહ્યો હતો.

**સંસ્થાના ઉપપ્રમુખ શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ દ્વારા ઉપસ્થિત સર્વે ભાઈ-બહેનોનું સ્વાગત તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન કરવામાં આવેલ.**

સ્નેહ સંમેલનના દાતા શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહનું મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ. શ્રીમતી પારૂબેન સુનીલભાઈ શાહનું શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ તથા શ્રી સુનીલભાઈના પરિવારજનોનું શ્રી રોહિતભાઈ શાહના વરદ હસ્તે પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહે તેમના વક્તવ્યમાં શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) તરફથી કાર્યક્રમમાં હરહંમેશ સહકાર મળતો રહે છે તે બદલ શ્રી પાટણ જૈન મંડળ વતી દાતા પરિવારનો ખૂબ-ખૂબ આભાર માન્યો.

મંડળના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહે પોતાના વક્તવ્યમાં જણાવેલ કે, સમાજના દાતાઓ તરફથી અવિરત દાન ગંગાનો પ્રવાહ સંસ્થા તરફ વહી રહ્યો છે તેની સરાહના કરી સર્વ દાતા પરિવારો પ્રત્યે આભારભાવ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સૌને પ્રસન્ન કરી દેતો જુના અને નવા ગાયનો યુવાન આર્ટિસ્ટ મુસ્તફાભાઈએ કાર્યક્રમ રજુ કરેલ જેને ઉપસ્થિત સૌએ આનંદથી માણ્યો. દાતા પરિવાર દ્વારા સ્પોન્સરર કરાયેલ લક્કી ડ્રોનું પણ આયોજન કરવામાં આવેલ, જેમાં એકથી એક ચઢીયાતા ૧૧ પ્રાઈઝ રાખવામાં આવેલ જેનું સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખો તેમજ દાતા પરિવાર તથા સમિતિઓના સન્માનનીય સદસ્યોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું. લક્કી ડ્રોના રિઝલ્ટ પછી સૌ આનંદથી લગભગ ૮ વાગે છૂટા પડ્યા હતા.

**દાતાશ્રી સુનીલભાઈએ તેમના વક્તવ્યમાં જણાવેલ કે જે ઉદ્દેશ્યથી સ્નેહમિલન યોજવાની શરૂઆત થઈ હતી, તે ઉદ્દેશ સૌની આનંદભેર હાજરીથી ફળીભૂત થાય છે તેનો મને સંતોષ છે. ભવિષ્યમાં વધુ સભ્યો આ પ્રસંગે હાજર રહેશે તો વધુ આનંદ થશે.** આ પ્રસંગને સફળ બનાવવા માટે કાર્યરત સંસ્થાના સૌ હોદ્દેદારો તેમ હાજર રહેલ સૌ સભ્યોનો તેમણે આભાર માન્યો હતો.

પ્રોગ્રામ સમિતિના માનદ્‌મંત્રી શ્રીમતી અલ્પા વિનેશ શાહે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા લીધેલ જહેમત બદલ ઉપસ્થિત સૌ કાર્યકરો તેમજ સંસ્થાના કર્મચારીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

❑ **પ્રોગ્રામ સમિતિ**





**ઉપસ્થિત ભાઈ-બહેનો**

**મંડળના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈનું વક્તવ્ય તથા ઉપસ્થિત મંડળના હોદ્દેદારો**

**ભોજનનો આસ્વાદ માણતા મહેમાનો**

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

આપણાજ સમાજના અબજી મહેતાના પાડાના E-Commerce Stratatejiesના સ્પેશિયાલિસ્ટ **શ્રી કરણ બીમલભાઈ શાહના** મુખે સાંભળવાનો લ્હાવો અવશ્ય લેવા સૌને નિમંત્રણ આપુ છું.

રવિવારે નવા વર્ષનું સ્નેહ સંમેલનનું આયોજન ગરવારે ક્લબમાં કરવામાં આવેલ, જેમાં **દાતા શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર તરફથી સંસ્થાને કાર્યક્રમમાં ઉષ્માભર્યો સહકાર મલ્યો,** તે માટે શ્રી પાટણ જૈન મંડળ દાતા પરિવારનો ખૂબ-ખૂબ આભાર માને છે. સમાજના હજારથી પણ વધુ સભ્યોએ આ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો, તે માટે હું સમાજનો પણ આભાર માનું છું. પાટણ સમાજના આગેવાનોએ પણ ઉત્સાહભેર હાજરી આપીને આ સ્નેહ સંમેલનને સફળ બનાવ્યું હતું. નવા વર્ષની શુભેચ્છા માટે આપણે એકત્રિત થઈએ તેનાથી સમય અને શક્તિની પણ બચત થાય. છેલ્લા લગભગ ૩૩ વરસથી દાતા પરિવારના સહયોગથી યોજાતું આ સ્નેહ મિલન યાદગાર સંભારણું બની જાય છે.

**ડિસેમ્બરની ૧૮મી તારીખે સવારે પાટણ પાંજરાપોળ પાટણ ખાતેના ઘાસના દાતાઓનો સન્માન સમારંભ યોજી રહી છે.** પાટણ આસપાસના ગામના ખેડૂતો અને વેપારીઓ પાંજરાપોળને ઘાસનું દાન આપી રહેલ છે. હાલમાં લગભગ ૩૦૦૦ જેટલા પશુઓને પાંજરાપોળમાં આશ્રય આપવામાં આવી રહ્યો છે. આ દાતાઓ દ્વારા મોટી માત્રામાં આપવામાં આવતું ઘાસ દાન ખરેખર આશીર્વાદ સમાન બની રહેલ છે.

૧૮મી ડિસેમ્બરે સાંજે બી.ડી.એસ. હાઈસ્કુલ તરફથી પાટણ ખાતે વાર્ષિક ઉત્સવ યોજવામાં આવેલ છે, આપણી સ્કુલ વિદ્યાભ્યાસની સાથોસાથ રમતગમત તથા અન્ય ક્ષેત્રોએ ઉત્તરોત્તર પ્રસંશનીય પ્રગતિ કરી રહેલ છે. તેને બીરદાવવા શક્ય હોય તો આપણે કાર્યક્રમમાં હાજરી આપીએ.

આપ સૌ જાણો છો તેમ પાટણ જૈન મંડળની મેડીકલ કમિટિ સુંદર કાર્ય કરી રહી છે. પશ્ચિમમાં રહેતાં પાટણના પરિવારો માટે એક **મેડીકલ કેમ્પનું આયોજન તા. ૨૨-૧-૨૦૧૭ને રવિવારે કરવામાં આવેલ છે.** આ મેડીકલ કેમ્પમાં પાટણના નિષ્ણાંત ડૉક્ટરો હાજર રહશે, આ કેમ્પનું આયોજન ભાયંદર ખાતે તપોવન વિદ્યાલયમાં કરવામાં આવેલ છે. આ પ્રસંગે વોકહાર્ટ હૉસ્પિટલ તરફથી ફ્રી ડાયગ્નોસ્ટીક ચેક-અપની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. આપણા સમાજના પરિવારો આ કેમ્પનો લાભ લઈને તેને સફળ બનાવશે તેવી હું આશા રાખું છું.

**❑ દિનેશ શાંતિલાલ શાહ**

## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

We welcome members to give their suggestions so that Patanis can remain in the fore fronts of Social Up-liftment and Economic Empowerment. For the last 104 years, Shree Patan Jain Mandal has committed to a highly educated Society. As a result, our Youth is now well poised for meeting the challenges of future.

**Patanis have been blessed by both Goddesses - Saraswati Devi & Laxmi Devi. Therefore for all times to come, Patanis will make excellent progress and be prosperous in terms of Education, Health and Wealth.** While competition will rise in future, by supporting each other as a Samaj, we can outshine the other communities.

In this changing times, we have to understand the opportunities and challenges that lie ahead. Fortunately on Sunday morning of 27-Nov, our own Patani from Abji Mehtano Pado - Shri Karanbhai Bimal Shah is going to address students and youth at the Prize distribution ceremony on the Subject of E-Commerce Strategies. All are sincerely requested to attend this important knowledge gathering and brain activating Event.

In upcoming event, I am pleased to inform you Patan Panjrapole has been receiving lot of donations of grass from farmers. They have organized a function to honor all such donors at Khalipur (Patan) on 18th Dec 2016 at 9.30 a.m.

On the same day in the evening, our BDSV School at Patan has organized a cultural program. I invite you all to come and join the function.

**On 22-01-2017 Medical Committee has organized Medical Camp at Bhayandar.** All the medical experts of Patan will offer their services at the camp. I wish all our families residing at Bhayander, Mira Road and nearby areas to attend the camp and make it a success.

**❑ Dinesh Shantilal Shah**

## તંત્રી સ્થાનેથી...

# ''ડીમોનેટાઈઝેશન'' એક કદમ પ્રગતિ તરફ...

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૮ નવેમ્બરના દેશની પ્રજાને સંબોધતા - મધરાતના ૧૨ વાગ્યાથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટોનું 'ડિમોનેટાઈઝેશન' કરવાની જાહેરાતે સમગ્ર દેશની જનતાને સ્તબ્ધ કરી દીધી. બીજા દિવસથી જ સૌના કદમો બેન્ક તેમજ એ.ટી.એમ. મશીનો તરફ ધસી રહ્યા. ટીવી ચેનલો પણ કેશ ક્રન્ચની વાસ્તવિકતાની હકીકતો અને વર્ણનોથી ભરપૂર રહી. પ્રજા પાસેની બચત કે વ્યવહાર માટે રાખેલ નોટો, ગૃહિણીઓ દ્વારા નાના-મોટા, સાર-નરસા પ્રસંગો માટે ઘરમાં સાચવી રાખેલ રકમ સરકાર દ્વારા ૩૦ ડિસેમ્બર સુધી બેન્કોમાં ભરવાની છૂટ આપવામાં આવી. તેમજ મર્યાદિત સંખ્યામાંજ બેન્કો/એ.ટી.એમ.માંથી નાણા ઉપાડવાની જાહેરાત પણ થઈ.

નકલી નોટો અને કાળા નાણાંના ભસ્માસૂરનો નાશ કરવા રાષ્ટ્રના વિશાળ હિતમાં લેવાયેલ આ નિર્ણયને સામાન્ય જનતાએ હર્ષ ભેર વધાવી, અસામાન્ય ધીરજ અને ધૈર્ય રાખી વડાપ્રધાનને સાથ આપ્યો છે, ત્યારે કેટલાક રાજકારણીઓ પ્રજાની કઠીણાઈઓ પર પોતાની રાજકીય ભાખરી શેકવા આ ઐતિહાસિક કાર્યમાં યેનકેન પ્રકારે અડચણો નાખવા દુષ્પ્રચાર કરી પ્રજાની તકલીફો વધારી રહ્યા છે. તેમની પાસે **નકલી નોટોના દૂષણને જડમૂળથી ઉખેડી નાખવા ન તો કોઈ વિકલ્પ છે, કે ન તો દેશને આંતરાષ્ટ્રિય સ્તરે આગળ લાવવા કોઈ સંકલ્પ છે.**

એમ કહેવાય છે પાકિસ્તાનના ક્વેટા શહેરમાં આવેલ એક પ્રેસમાં ભારતીય રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો છાપવામાં આવે છે અને તે નેપાળ તેમજ બંગલાદેશની સરહદથી ભારતમાં ઘૂસાડાય છે. આ હકીકતની જાણ વર્ષોથી અગાઉની સરકારને પણ હતી, પરંતુ કઠોર નિર્ણય લેવાની તેમની અસમર્થતાને લીધે આ કાર્ય હાલની સરકારે મર્દાનગીથી માસ્ટર સ્ટ્રોક મારી મૂલ્ય વિહોણી કરી તે ખરેખર સરાહનીય છે.

લોકોની સમસ્યાઓને ધ્યાનમાં રાખી સરકારે શ્રેણીબદ્ધ પગલાં લીધા જેમાં ટોલટેક્સ ફ્રી કરી, હવાઈ મથકો, સરકારી વેરાઓ, ઈલેક્ટ્રીક બીલ, ટેલીફોન બીલ, પેટ્રોલ-ડીઝલ, સરકારી-ખાનગી હૉસ્પિટલોમાં, ખેડૂતોને બીયારણ, ગેસ સિલિન્ડર, શાળા-કૉલેજોની ફી ઈત્યાદીમાં ૫૦૦-૧૦૦૦ની જૂની નોટો સ્વીકારવાની મર્યાદિત સમય માટે છૂટ આપવામાં આવી છે. પોસ્ટ ઓફિસો કે અન્ય વ્યવસ્થા દ્વારા જૂની ચલણી નોટો બદલી નવી ચલણી નોટોના વિતરણની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી.

દેશમાં સેંકડો વર્ષ પછી 'યુગપરિવર્તન' થઈ રહ્યું છે અને 'નવી સ્વતંત્રતા' મળી રહી હોય તેવું લાગે છે. દેશની યુવાપેઢી તો હવે પ્રમાણીકતા સાથેની નવી જીવન શૈલીથી જીવવા માંગે છે. નવભારતમાં સ્થિર લોકશાહી, મજબૂત અર્થતંત્ર અને સમાજમાં ઉચ્ચ નૈતિક મૂલ્યો હવે સ્થપાવવા લાગ્યા છે.

પ. પૂ. આ. રત્નસુંદરસૂરિજી મ.સા.નું પણ કહેવું છે કે, માર્ગાનુસારીના ૩૫ ગુણોમાંના પ્રથમ નંબરના ગુણનું નામ છે, **'ન્યાય સંપન્ન વિભવ'** આનો અર્થ છે કે, **'ન્યાયોપાર્જિત દ્રવ્ય'** આજના સંદર્ભમાં કહેવું હોય તો **'સાચા રસ્તે કમાણી'**. આજે ૫૦૦/૧૦૦૦ની નોટો રદ્દ થવાના કારણે જે રઘવાટ સર્જાયો છે એનું મૂળ છે, આ પ્રથમ નંબરના ગુણના પાલનની થયેલ સતત અવહેલના. યાદ રાખજો.... **સારા માર્ગે પૈસા વાપરવા કરતાં સાચા માર્ગે પૈસા કમાવા એ બહું મોટો પડકાર છે.** વડા પ્રધાનના આવા ઐતિહાસિક નિર્ણય બાદ મારે એટલું જ કેહવાનું કે આ વખતના આ અનુભવ પછી **સંકલ્પ કરી લેજો કે, મનની નિર્ભયતાને અને પ્રસન્નતાને અકબંધ કરી દેવા 'ન્યાયોપાર્જિત દ્રવ્ય'ના માર્ગાનુંસારીના પ્રથમ ગુણ સાથે હવે કોઈપણ જાતનું અમે સમાધાન નહીં જ કરીએ. અર્થાત ખોટા માર્ગે કમાઈ લેવાના પ્રલોભનથી હરહંમેશ દૂર રહીશું.**

ચલણી નોટો રદ્દ થતાં દેશભરના શહેરો તથા ગામોમાં બજારો તેમજ ધંધા - રોજગાર ઠપ્પ થઈ ગયા છે. સરળતાથી આર્થિક વ્યવહારો પાર પાડવામાં લાંબો સમય લાગશે જ. આમ જનતાની ખરીદ શક્તિમાં સતત ઘટાડો થશે... જેથી મંદીની શક્યતા નકારી શકાય નહીં. **નોટબંધી એ, દેશ વિરોધી અને આતંકી પ્રવૃત્તિની કેડ ભાંગી 'કર્મક્ષેત્ર' જ નહીં 'ધર્મક્ષેત્રે' પણ વ્યાપક અસરકારક નીવડશે એમાં બેમત નથી જ.** આપણે ત્યાં સામાજિક તેમજ ધાર્મિક પ્રસંગે થતાં કેટલાંક બિનજરૂરી ખર્ચાઓ પર ફરજિયાત લગામ ખેંચવી જ પડ તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે.

દેહ અને આત્માના સંદર્ભમાં પણ આ 'ડિમોનેટાઈઝેશન'ની ઘટનાને સમજાવી શકાય તેમ છે. દેહ છે તે ખરેખર કાગળ જ છે, પરંતુ આત્મા તેને કરન્સીનું મૂલ્ય બક્ષે છે. આત્માજ ખરું ચાલક બળ છે. આપણે એવા વહેમમાં જ જીવન વ્યતિત કરી દઈએ છીએ કે દેહ એટલે કાગળ જ આપણી સંપત્તિ છે, પણ જો તેમાં મૂલ્ય નિષ્ઠાનો સંચાર ન થાય તો તે ઈશ્વરના દરબારમાં બદલી શકાય તેવી કરન્સી નથી તેમ માનવું. કહેવાનું તાત્પર્ય એ જ છે કે, તમારી ભૌતિક સંપત્તિ માટે માત્ર સ્વકેન્દ્રિય કર્મો (સ્વાર્થી કર્મો) દેહના નાશ સાથે ભૂલાઈ જશે. જેમ અત્યારે રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની કરન્સીના હાલ થયા છે તેમ, પણ જો આત્મિક મૂલ્ય, પરોપકાર અને નિષ્ઠાનો તે કરન્સી કે કાગળોમાં સંચાર કર્યો હોય તો તે અમરત્વ પામશે.

અત્રે ભારપૂર્વક જણાવવું રહ્યું કે, સને ૧૯૭૮માં ત્યારના વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ રૂા. ૧૦૦૦ની નોટો ચલણમાંથી પાછી ખેંચી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૫૦૦ તથા ૧૦૦૦ની નોટો પાછી ખેંચી. બન્ને વડાપ્રધાન ગુજરાતી જ છે છતાં તેમની તુલના કરી ન શકાય, કારણ ૧૯૭૮માં ઓછી મોંઘવારીના કારણે ૧૦૦૦ની નોટોનું મર્યાદિત પ્રમાણ હતું, જ્યારે આજે નકલી નોટો અને ફુગાવાને લીધે રૂા. ૫૦૦ની નોટ સામાન્યથી સામાન્ય માણસો પાસે જોવા મળે છે, ત્યારે તેને ચલણમાંથી પાછું ખેંચવાનું ભગીરથ પગલું સાશન માટે ખરેખર પ્રસંશનીય છે.

❑ **સંપાદક સમિતિ**

## ૧૦૦મી વર્ધમાન તપની ઓળીના આરાધક
## સા. શ્રી કારૂણ્યા રેખાશ્રીજી મ.સા.

મૂળ પાટણના વખતજીની શેરીમાં શ્રી લીલાવતીબેન તથા શ્રી પોપટલાલ ચુનીલાલ કાપડીયાના સંસાર પક્ષે સુપુત્રી (કિરણબેન), પ.પૂ.આ. શ્રી ગુણરત્નસુરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તિની પ.પૂ.આ. શ્રી પુષ્પલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.આ. શ્રી પુણ્યરેખા મ.સા. ના શિષ્ય વર્ધમાન તપોનિધિ પ.પૂ.આ. કારૂણ્યરેખાશ્રીજી મ.સા. **તેમના ૩૧ વર્ષના સંયમ પર્યાયમાં રસનેન્દ્રિય ઉપર વિજય મેળવતા ૩૨થી ૩૫ મી વર્ધમાન તપની ઓળીમાં ૧૦૮૦ સળંગ આયંબીલ, બે માસક્ષમણ, સિદ્ધિતપ, ધર્મચક્ર તપ, વર્ષીતપ, બેવાર નવ્વાણુયાત્રા ઈત્યાદિ અનેક આરાધનાઓ કરતા કરતા તા. ૪-૧૧-૨૦૧૬ થી તા. ૧૨-૧૨-૨૦૧૬ સુધીમાં ૧૦૦મી ઓળીના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર, જૈન સોસાયટી, પાલડી, અમદાવાદ ખાતે આરાધના કરેલ છે.**

જેની પુર્ણાહુતી તા. ૨-૨-૨૦૧૭ના દિને થનાર છે. પ્રતિકુળતામાં પરમાનંદ માનીને ફાર્મ આરાધનાઓ કરનાર તપસ્વીની તથા વૈયાવચ્ચ કારિકા આ. શ્રી કારૂણ્ય રેખાશ્રીજી મ.સા.ની અનુમોદના સહ ઓળીને નિર્વિઘ્ને પૂર્ણ કરે તેવી શુભકામના.

## ચારૂપ ખાતે ૧૮ અભિષેક મહોત્સવ

હાલમાં ચારૂપ મહાતીર્થ ખાતે શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને લેપ કરવામાં આવ્યો હતો. તા. ૭-૧૧-૨૦૧૬ને સોમવારે પાટણના ઢંઢેરવાડાના શ્રી સુનીલભાઈ રમેશચંદ્ર પરિવાર તરફથી ૧૮ અભિષેકનો ભવ્ય કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

હવે નિયમિતપણે મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનને સાંજના ૫ વાગ્યા સુધી પૂજા થઈ શકે છે. યાત્રિકોને લાભ લેવા વિનંતી છે.


DIVINE SKIN AND HAIR CLINIC

DR. DIMPLE BHANKHARIA

*MBBS, DVD, DDV, DNB (Dermatology)*

ADVANCED SOLUTIONS AVAILABLE FOR ALL DERMATOLOGY, COSMETOLOGY AND TRICHOLOGY PROBLEMS

Plot No. 177, Rajaram Niwas Building,
Ground Floor, Hindu Colony, Near Laud Clinic,
Dadar (E), Mumbai - 400014

CONTACT

24179144, 9702162393, 64108080

ADVT


## દિશા – દિવ્યાંગ અહેવાલ

દિવ્યાંગોના ક્ષેત્રમાં નજીકના સમયમાં સારી પ્રગતિ સધાઈ છે. પેટા ઓલમ્પિકમાં ભારતના દિવ્યાંગ ખેલાડીઓએ ઝળહળતો દેખાવ કર્યો છે.

આ વખતે દિવ્યાંગોની - દિશાની દિવાળી પાર્ટી બીસીએ-ગરવારે ક્લબ હાઉસમાં હતી. જેના **સૌજન્ય દાતા શ્રી ચંદ્રકાંતભાઈ અમૃતલાલ પટણી (ભાભાનો પાડો) હતા. પક્ષાલના જન્મદિવસ અને આવનાર લગ્નપ્રસંગ માટે આ પાર્ટીનું આયોજન થયું હતું.**

મેજીશિયન સાથે મજા માણ્યા પછી મ્યુઝિક સાથે બધા મન મુકીને ઝુમ્યા હતા. ત્યારબાદ સુંદર અને સ્વાદિષ્ટ ભોજનને બધાએ માણ્યું હતું. આ નિમિત્તે બાબુ અમીચંદ પન્નાલાલ આદિશ્વરજી ટ્રસ્ટ, શ્રી પાટણ જૈન મંડળ, **શ્રી ચંદ્રકાન્તભાઈ અમૃતલાલ પટણી તથા પિનાકીનભાઈના વેવાઈ તરફથી ભેટ આપવામાં આવી હતી.**

હવે વારો હતો **દિશાના કાર્યશાળાના બાળકો માટે દિવાળી પાર્ટીનો જેમાં માતા-પિતા સાથે કાઉન્સલીંગ થયું, બાદમાં બાળકોએ બજાવેલ બેન્ડના ધૂન પર બધા જ મન મુકીને રમ્યા હતા.** ત્યાંના મ્યુઝિકના સરે બાળકોને બહુ સરસ તૈયાર કર્યા છે, જે પાટણ ખાતેના જિનાલયોમાં ભાવના ભણાવવા પણ જાય છે. ધજા-સાલગીરી વખતે પણ સુંદર બેન્ડ વગાડે છે, આપ સર્વેને વિનંતી છે કે આપ યાદ કરશો એટલે બાળકો બેન્ડ સાથે હાજર થશે. પાટણ દિશા કાર્યશાળાના બાળકોને પણ ત્રણ યુનિફોર્મ, મીઠાઈના બોક્સ તથા ચંદ્રકાન્ત ભાઈ તરફથી ભેટ આપવામાં આવી હતી.

❑ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ

## SELFLESS SOLDIERS

When evil rules and the days are cold,
There are very few that remain as bold.
These people have no fear,
Right from the start in high gear.
When the time is right ,
They are ready to fight,
Although non-violence is their aim,
Sometimes they have to fight that game.
When dreadful terrorists attack,
These soldiers come and kick them back.
For us they strife,
So we can live a better life.

❑ Aahan Mihir Dinesh Shah
( Age 11 yrs.)


PATOLA OF PATAN PVT. LTD

(National Award Winner 1983-State Award Winner 2006)

Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182

Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com

ADVT

## મેડીકલ કેમ્પ

શ્રી પાટણ જૈન મંડળની મેડીકલ સમિતિ દ્વારા પરામાં વસતા પાટણના પરિવારો માટે એક મેડીકલ કેમ્પનું આયોજન નીચેની વિગતે કરવામાં આવેલ છે. **આ કેમ્પમાં કાર્ડીયાલોજીસ્ટ, આંખના ડૉક્ટર, ચાઈલ્ડ સ્પેશિયાલીસ્ટ, ઈ.એન.ટી. સ્પેશિયાલિસ્ટ, ઓર્થોપેડીક (હાડકાના ડૉક્ટર), જનરલ પ્રેક્ટીશનર્સ, ડેન્ટીસ્ટ વિગેરે પાટણના નામાંકિત મેડીકલ પ્રેક્ટીશનર્સ હાજર રહેશે. આ ઉપરાંત વોકહાર્ટ હૉસ્પિટલ દ્વારા ફ્રી ડાયગ્નોસ્ટીક ચેક-અપનું પણ આયોજન કરવામાં આવેલ છે.** અમારો ઉદ્દેશ પાટણના પરિવારોના દરેક સદસ્ય - નાના બાળકોથી સિનિયર સીટીઝન આ કેમ્પનો લાભ લે.

**દિનાક :** રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૭

**સમય :** સવારે ૯.૦૦ કલાકે

**સ્થળ :** તપોવન વિદ્યાલય, ઈન્દ્રલોક ફેશ-૪, ન્યૂ ગોલ્ડન નેસ્ટ, રોડ, શ્રી રામ ટાવરની સામે, ભાયન્દર (ઈ).

**નોંધ :** આ કેમ્પમાં ભાગ લેવા માટે પાના નં. ૭ પર છપાયેલ ફોર્મ ભરીને મોકલાવી રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. દરેક પરિવારના સભ્યએ ફોર્મ અલગ ભરવું.

**ફોર્મભરી આપવાનું સ્થળ :**

**પટની એજેન્સી :** ૭-૧૦/બી, સર્વોદય એપાર્ટમેન્ટ, નારાયણ નગર ક્રોસ રોડ, સુદામા ટાવર પાસે, ભાયંદર (વે), થાણા-૪૦૧૧૦૧ ફોનઃ૨૮૧૮૧૮૬૧/૨૮૦૪૭૭૩૭ (સમય ૯ થી ૧ અને ૩ થી ૬) તથા મરીનડ્રાઈવ, ગોરેગામ અને બોરીવલી સંસ્થાના કાર્યાલયમાં પણ ફોર્મ સ્વીકારવામાં આવશે.

**''ફસ્ટ કમ ફસ્ટ બેસીસ - મર્યાદીત સંખ્યામાં લેવામાં આવશે.''**

❑ **મેડીકલ સમિતિ**

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સિદ્ધહેમ જ્ઞાનપીઠની મુમુક્ષુ બહેનોનું દિક્ષા સમારોહ

જ્ઞાનપીઠમાં આજ સુધીમાં મદ્રાસ, હૈદ્રાબાદ, મુંબઈ, સુરત ઈત્યાદિ સ્થાનેથી આવેલી લગભગ ૨૫ મુમુક્ષુ બહેનો શાસ્ત્રોનો વિદ્યાભ્યાસ કરી રહેલ છે. પ્રતિદિન ૧૦ થી ૧૨ કલાક વિવિધ ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરાવવામાં આવે છે. સાથોસાથ જણાવતાં અત્યંત આનંદ થાય છે કે સંસ્થામાં અભ્યાસ કરેલ ત્રણ બહેનો સંસારની અસારતા પારખી, સ્વાર્થના સંબંધોના સરવાળાને છોડી, મોક્ષ માર્ગના ગુણાકાર કરવાના મહાભિષ્ક્રમણના પંથે વિહરવા તત્પર બની છે. **અંકિતાબહેન, નીધીબહેન અને જીમીબહેનની દીક્ષા પ.પૂજ્ય આચાર્ય ભગવંત યશોવિજયજી મહારાજ સાહેબની નીશ્રામાં સુરત મુકામે તા. ૧૮-૧૧-૨૦૧૬ થઈ છે.** તેની અંતઃકરણપૂર્વક અનુમોદના કરતા આનંદ સરોવર છલકાય છે.

પ્રવજ્યા લેતા પહેલાં સંસ્થામાં લગભગ ૧ાા વર્ષ બહુજ સુંદર અને હોંશભેર અભ્યાસ કરી તેમની સંયમની ઈચ્છા વધુ દ્રઢ બનાવી. તેમની આ ઉત્કૃષ્ટ ભાવના અને નાની વયમાં જ જીનાજ્ઞાને શરણે જવાની તત્પરતાની અંતઃકરણથી અનુમોદના.

ત્રણેય નવ દિક્ષીત સાધવીજીઓનું જીવન તેમના તથા સૌ માટે મહામંગલકારી નીવડે, તથા ઉચ્ચતમ સાધના કરી આ માનવ ભવ દીપાવે તેવી પ્રાર્થના.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

**સમાચાર :** પાટણ ઢંઢેરવાડામાં સમ્યગ આરાધન ભવન ખાતે પૂ. રિદ્ધિ દર્શિતાજી મ.સાના ૫૦૦ આયંબીલની નિર્વિઘ્ને પૂર્ણાહુતી અવસરે તા. ૭-૧૧-૨૦૧૬ થી ૧૧-૧૧-૨૦૧૬ દરમ્યાન પંચાહીન્કા મહોત્સવનું પૂ. આ.ભ. શ્રી ભદ્રબાહુ વિજય મ.સા.ની નિશ્રામાં સંપન્ન થયો. આ પ્રસંગે સમેત શિખરજી ભાવયાત્રા સહીત અન્ય અનુષ્ઠાનોમાં તેમના પરિવારજનો તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.


## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિઃ રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ •**

ADVT

"PREVENTION IS BETTER THAN CURE"

# SHREE PATAN JAIN MANDAL

## Medical Camp on Sunday 22nd January 2017

**Venue:** Tapovan Vidhyalay-Indralok phase 4, Golden Nest Road, Opp. Sai Ram Tower, Bhayander (E)

**REGISTRATION AND MEDICAL HISTORY FORM**

Registration No.: _____________ Date:___________________

Full Name_________________________________________________________________________________

Address: _________________________________________________________________________________

Contact No: _________________________________ Mohalla: ___________________________________________

Male / Female__________________ Age: ________________ D.O.B.: ________________________

**Whom would you like to see? Please Tick**

☐ Orthopedic (Bone) ☐ Ophthalmologist (Eye) ☐ Paediatrician (Child Specialist)\

☐ Dentist (Teeth) ☐ ENT (Ear Nose Throat) ☐ Physician & Cardiologist (Heart)

**Medical History**

Please check (X) the box to answer what you suffer from

☐ Diabetes ☐ High B. P. ☐ Heart Attack ☐ Asthma

☐ Dental ☐ T. B. ☐ Cancer ☐ Arthritis (Jaoint Pain)

☐ Kidney Problem ☐ Thyroid ☐ Liver Other ________________

4. Please list Surgeries/Fractures or Hospital stays you have had before with details

_____________________________________________________________________________________________

5. Allergy History - Do you have any allergy to food or Medicine

_____________________________________________________________________________________________

6. Family History – Does anybody in your family suffer from

Diabetes High B. P. Heart Disease Cancer

Stroke Arthritis Thyroid Cholestrol Other___________

7. Personal History?

☐ Do you Smoke? ☐ Do you have Tobacco? ☐ Do you have Alcohol?

8. Immunisation History (child) ________________________________________________________________

9. Current Medication & Dosage Family Doctors: Contact No. ___________________________________

_____________________________________________________________________________________________

10. Results of Lab test done: B.P.____________, Blood Sugar______________, ECG_____________________,

11. Chief Complaints ______________________________________________________________________

Advice Suggestions _______________________________________________________________________

_____________________________________________________________________________________________

---

## Medical Camp on Sunday 22nd January 2017

Venue: Tapovan Vidhyalay-Indralok phase 4, Golden Nest Road, Opp. Sai Ram Tower, Bhayander (E)

Registration No.: _____________ Date:___________________

Full Name_________________________________________________________________________________

# તંદુરસ્ત રહેવાની કળા

દરેક વ્યક્તિ લાંબુ જીવવા માગે છે અને યુવાન રહેવા ઈચ્છે છે, ચામડીમાં કરચલીઓ પડે, વાળ સફેદ થાય, કમર અને પેટ પર ચરબીનાં થર જમા થાય, શરીરે કોઈ અસાધ્ય રોગ લાગુ પડી જાય અને જીવનશક્તિ ઓછી થતી જણાય એ કોને ગમે ?

ઘડપણ અનિવાર્ય છે, દરેકે વહેલા-મોડા એનો ભોગ બનવાનું જ છે. ઘડપણ એ અસાધ્ય બીમારી છે. માણસનાં જન્મ વખતે કુદરતે જે અનિવાર્ય શારીરિક પરિવર્તનોની ઘડિયાળ ચાલુ કરી દીધેલી હોય છે એને ન તો અટકાવી શકાય છે, ન તો ધીમી પાડી શકાય છે, કે ન તો પાછી વાળી શકાય છે.

પણ હતાશ થવાની જરૂર નથી, ઘડપણ ભલે એનાં નક્કી કરેલા સમયે છાનાછપના પગલે આવી પહોંચે, તંદુરસ્તી સાચવવાનું તો વ્યક્તિનાં પોતાના હાથમાં છે જ. ઉંમર ઉંમરનું કામ ભલે કરે, યુવાનીની શક્તિ ટકાવી રાખવાનું જરાય અસંભવ નથી. દરેક માણસ પોતે હંમેશા એવી બેદરકારી સાથે જીવતો હોય છે કે જેને કારણે વૃદ્ધાવસ્થા અને રોગોનો એ અકાળે ભોગ બની જાય છે. આપણે જો જરા જેટલી વધારે કાળજીથી વર્તીએ તો યુવાનીનું જોમ અને નિરોગીતા આપણે લાંબા કાળ માટે ભોગવી શકીએ છીએ.

દરેક જણ ખૂબ નાની અને યુવાન વયથી જ સજાગ રહીને જીવે એ ઈચ્છનીય છે. શરીર ઘડપણનાં ફેરફારો ગાઈ - વગાડીને દેખાવા માંડે પછી આપણે જાગીએ તે કંઈ કામનું નથી. આપણને બેદરકાર રહેવાનું પાલવે નહી. આપણને વૃદ્ધાવસ્થા તરફ દોરી જનારી આપણી ભૂલો અસંખ્ય હોય છે. આ ભૂલો આપણે જેટલી વહેલી સુધારીએ એટલું આપણાં લાભમાં જ છે.

નિયમિત કસરત કરનાર વ્યક્તિ એની શારીરિક ઉંમર કરતા એક દસકો યુવાન લાગતો હોય છે. શરીરનાં સ્નાયુઓને કસરત દ્વારા કેળવવાથી તંદુરસ્તી અને જીવનશક્તિનું જતન થાય છે. શરીરને ચુસ્ત રાખનાર વ્યક્તિ હંમેશા વધારે યુવાન અને તંદુરસ્ત હોવાનો અનુભવ કરતી હોય છે. પ્રૌઢાવસ્થામાં કાળજી ન રાખીએ તો શરીરે ચરબીનાં થર જામવાં માંડે છે અને વજન પણ વધતું હોય છે. જો વજન ઓછું હોય તો વધારે સ્ફૂર્તિ અને તાજગીનો અનુભવ થાય છે.

મોટા ભાગના લોકો એવી માન્યતા ધરાવતા હોય છે કે પાછલી ઉંમરમાં વ્યક્તિની મગજશક્તિ ઘટી જાય છે, વાસ્તવમાં કોઈપણ ઉંમરે મગજની શક્તિને તરોતાજા રાખવી હોય તો તેને કસરત અનિવાર્ય છે. જેમ શરીરને કસરતથી કેળવી શકાય છે તેમ મગજને પણ અમુક કસરતોથી સ્ફૂર્તિલું રાખી શકાય છે. શરીર અને મગજ એકબીજાના સહયોગી છે, શરીરના સામાન્ય સ્વાસ્થ્યની મગજ ઉપર પણ અસર પડતી હોય છે.

મગજને વિચારવું પડે એ પ્રકારનાં કોયડાઓ ઉકેલવાનો આગ્રહ રાખો. ચેસ રમો, સુડોકુંના કોયડાઓ ઉકેલો, શબ્દોનાં ચોકઠાં બેસાડો, સમાજસેવાનાં કાર્યોમાં ઉત્સાહભેર ભાગ લો. નિઃસ્વાર્થ અને અપેક્ષારહિત થઈને ભલાઈનાં કાર્યો કરો. ઘડપણમાં જે લોકો કાર્યરત રહે છે કે બાગકામ અને સમાજસેવાના કાર્યોમાં જોડાયેલા રહેતા.

સક્રિય જીવન જીવનાર વ્યક્તિઓ હંમેશા લાંબુ જીવતા હોય છે. તમારા સમાજિક જીવનને પણ સમૃદ્ધ બનાવો, નવા નવા સંબંધો કેળવો, વાંચન, ચિત્ર, સંગીત, તારાદર્શન, પ્રકૃતિવિહાર, ફરવું વગેરે વિવિધતાસભર પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લો, મગજને સતત કાર્યરત રાખવા માટે દેશ અને દુનિયાના પ્રવાહોનાં પરિચયમાં રહો અને તે માટે જાતજાતનાં છાપા વાંચીને તમારો રસ જાગૃત રાખી શકો. રસ પડે તેવા સામાયિકો વાંચો અને તેમાનાં જાતજાતના વિષયોનો અભ્યાસ કરતા રહો. અઘરા વિષયોનો મગજને મહાવરો આપતા રહો.

જીવનમાં હકારાત્મક અભિગમ રાખવાના અનેક લાભો છે, આવા લોકોની તણાવોનો સામનો કરવાની શક્તિ હંમેશા ઊંચી રહે છે. એ લોકો જીવનનાં સંઘર્ષોની સામે પણ મક્કમતાથી અડીખમ રહી શકતા હોય છે. વળી સંતુલિત અને તંદુરસ્તી પોષક આહાર તેમજ કસરતના કાર્યક્રમને વળગી રહેવાની તેમની નિષ્ઠા પણ ઘણી ઊંચી રહે છે. એ અન્ય વ્યક્તિઓમાં રસ લેતા હોય છે. સામાજિક સંબંધો બાંધવામાં અને જાળવવામાં તેમનો જોટો મળતો નથી. વિપરીત પરિસ્થિતિમાં ટકી રહેતા તેમને આવડે છે. તે ગમે તેવી કપરી પરિસ્થિતિઓ તેમજ વ્યક્તિઓને સહી શકે છે. હકારાત્મક અભિગમ ધરાવતી વ્યક્તિઓનો તેમની જિંદગી પર નિયંત્રણ રહે છે. નાની કે મોટી બાબતો પર કોઈનાં ભરોસે જીવવા કરતાં પોતે સંઘર્ષ કરીને માર્ગ કાઢવાની વૃત્તિ રાખશો તો સારું જીવશો, વધારે જીવશો.

વૃદ્ધાવસ્થા એ મનની સ્થિતિ છે, અત્યારે માણસનું સરેરાશ આયુષ્ય વધ્યું છે, સમાજનું જીવનધોરણ ઊંચું આવ્યું છે. સુખ-સગવડનાં સાધનો વધ્યા છે, પહેલાં ૬૫ વર્ષની ઉંમરની કોઈ વ્યક્તિને જોતાં એમ કહેવાનું કે એ ઘરડો થયો છે, હવે આ ઉંમરને જોવાની આપણી દ્રષ્ટિ બદલવાની જરૂર પડી છે. માણસ હકારાત્મક દ્રષ્ટિથી જીવે તો ૬૫ વર્ષની ઉંમર પછી પણ સક્રિય રહી શકાય છે. અર્થપૂર્ણ આયુષ્ય ભોગવી શકાય છે. સંસારની બધી જવાબદારીઓ પૂરી કરીને બેઠેલો માણસ આ ઉંમરે એમ વિચારે કે હવે ભગવાન મને લઈ લે તો સારું તો તે બરાબર નથી, જીવનને જવાબદારીઓનો બોજ ગણીને જીવનાર વ્યક્તિ આવું વિચારી શકે.

પણ જે વ્યક્તિ જીવનને માણવા ઈચ્છે છે તેના માટે તો હવે જ ખરો સમય શરૂ થતો હોય છે.

❑ શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ


**MATRIMONIAL (DIVORCED)**

| | | |
|---|---|---|
| **Native Place** | : | **PATAN** |
| | : | Now Residing in Mumbai |
| **DOB** | : | 13/04/1975 **Height :** 5'10" |
| **Education** | : | C.A, CISA |
| **Occuption** | : | Working with ERMST & YOUNG |
| **Contact** | : | 98677 23741 |

ADVT

**MATRIMONIAL**

| | | |
|---|---|---|
| **NAME** | : | **SETU DUSHYANT SHAH** |
| **PARENTS** | : | Lata & Dushyant Shah |
| **MOHALLO** | : | Tamboli Wado |
| **DOB** | : | 18/12/1985 **Height :** 5'8" |
| **EDUCATION** | : | CFA II, MBA in Finance |
| **WORKING** | : | Emkay Global Financial Services |
| **RESIDENTS** | : | Mumbai, Andheri (W) |
| **Contact No.** | : | 022 26701081 / 8097375795 / 9833393844 |
| **Email** | : | setusir@gmail.com |

ADVT

## શ્રી મરીનડ્રાઈવ સ્નાત્ર પર્યટન મંડળ

શ્રી મરીનડ્રાઈવ સ્નાત્ર પર્યટન મંડળ દ્વારા ચાલુ સાલે તા. ૨૪-૧૦-૨૦૧૬ થી તા. ૩-૧૧-૨૦૧૬ દરમ્યાન પંજાબ યાત્રા-પ્રવાસનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૮૧ સદસ્યો હોંશભેર જોડાયેલ.

તા. ૨૪ ના સ્વરાજ એક્સપ્રેસમાં મુંબઈથી પ્રયાણ કરતા, તા. ૨૫ના અંબાલા કેન્ટ ખાતે પ્રથમ મુકામ રહેલ, ત્યાંથી બે વાતાનુકુલીત બસોમાં, સરહીંદ, સામાના, સુનામ, કુપકલમાં, રાયકુટ, જીરા, લહેરે ઈત્યાદીના જીનાલયોમાં તીર્થંકર ભગવંતોના દર્શન - વંદન - સેવા - પૂજા કરેલ.

લહેરેથી ૩૦ કિ.મી. દૂર, થોડુ ઓછુ લોકપ્રિય એવા હુસેનવાલા બોર્ડરની મુલાકાત લીધેલ. અહીં શહીદ ભગતસીંહ, સુખદેવ તથા રાજગુરુને ફાંસી આપવામાં આવેલ, તેનું સ્મારક બનાવવામાં આવેલ છે. અહીં પણ દરરોજ સંધ્યા સમયે, ભારત-પાકિસ્તાનના જવાનો દ્વારા શક્તિ પ્રદર્શન તથા પોતાના ધ્વજને, એકમેકની સીમામાં પ્રવેશી ઉતારવામાં આવે છે અને રાષ્ટ્રગીતના સન્માન બાદ કવાયતની પૂર્ણાહુતી થાય છે.

ત્યાંથી પટ્ટી થઈ અમૃતસર મુકામે પહોંચેલ, જ્યાં દાદાવાડી તથા અન્ય એક પ્રાચીન જીનાલય આવેલ છે. આ ઉપરાંત સુવર્ણમંદિર, જલીયાંવાલા બાગ તેમજ ૩૫ કિ.મી. દૂર વાઘા બોર્ડરની મુલાકાત લેવામાં આવી.

અમૃતસરથી જુગરાલ, હોંશીયારપુર, નકોદર થઈ હીમાચલ પ્રદેશમાં આવેલ કાંગડા તીર્થની સ્પર્શના કરવામાં આવેલ. કાંગડા તીર્થ ખાતે ૫૦૦૦ વર્ષથી અધીક પ્રાચીન શ્રી આદેશ્વર દાદાની કેશવાળી પ્રતિમાજી, એક કિલ્લામાં રાખવામાં આવેલ છે, જેના વાસક્ષેપ પૂજા, પ્રક્ષાલ, કેસરપૂજા તથા આરતી - મંગલ દીવાનો અમુલ્ય લાભ પ્રાપ્ત થયો. અત્રે દિવાળીની મધરાતે મહાવીર સ્વામી તથા પરોઢે ગૌતમસ્વામીનું ગળણુ કરવામાં આવેલ, તેમજ જીનાલય દ્વારા ઉદ્‌ઘાટન માટે ૫૫૦૦ મણનો ચઢાવો લઈ લાભ લેવામાં આવેલ, ત્યારબાદ નવસ્મરણ તથા ગૌતમરાસ લેવામાં આવેલ.

કાંગડાથી જમ્મુ ખાતે અંતીમ પડાવ રાખેલ, જ્યાં નાગેશ્વર પાર્શ્વનાથ દાદાની પ્રતિકૃતિસમ પ્રતિમાના દર્શન - સેવા - પૂજા કરી પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરવામાં આવેલ.

સમગ્ર યાત્રા દરમ્યાન શ્રી જતીનભાઈ સંગીતકાર દ્વારા સવારે જીનાલય દ્વાર ઉઘડતા જ ભક્તિ સંગીત તેમજ સ્નાત્ર મહોત્સવમાં મધુર કંઠે સ્તવનાવલીઓ લલકારી સૌના દીલ જીતી લીધા. યાત્રા પ્રવાસ દરમ્યાન કેટલાક દાતાઓ દ્વારા નવકારશી, બપોરના ભોજન તથા ચોવીહારના દાતા બનવાનો લાભ લેવામાં આવેલ.

તા. ૨-૧૧-૨૦૧૬ના જમ્મુથી પુનઃ સ્વરાજ એક્સપ્રેસમાં પ્રવાસ કરતા તા. ૩-૧૧-૨૦૧૬ના સંધ્યાટાણે મુંબઈ આગમન કરેલ.

પંજાબ ખાતેના લગભગ સઘળા જીનાલયોના ગભારાની બાંધણી, ગુરુદ્વારાની બાંધણી જેવી રહેલ. સાથોસાથ દરેક જીનાલયમાં તીર્થંકરોની પ્રતિમાજીઓ સાથે ગુરુભગવંતોની પ્રતિમાજીઓ પણ બીરાજમાન હતી. તેમજ આરતી મંગળ દીવો પણ આપણાથી જુદા જુદા હતા. તે નોંધનીય છે.


**MATRIMONIAL**

| | | |
|---|---|---|
| Name | : | DOLLY MATUBHAI SHAH |
| Parents | : | Matubhai Shah & Raksha M.Shah |
| DOB | : | 22/04/1988 **Height :** 5'5" |
| Mohallo | : | Bhabha No Pado |
| Education | : | B.com |
| Residence | : | Andheri (east) |
| Contact | : | 9920 853 850 |

ADVT

**અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા** Pan No. : AAATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોનઃ (02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહઃ પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોનઃ ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)**

સંપર્ક : **શ્રી નિખિલભાઈ આર. શાહ** : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩
**શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ** : પ્રવીણચંદ્ર એન્ડ કાું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮
**શ્રી સંદીપભાઈ આર. શાહ** : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

**લાખ દુઃખોની એક દવા હૃદયથી કરો ગૌ સેવા**

**તા. ૧૫-૮-૧૬ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૨૮૭૫**

**જીવદયા માટેની વિવિધ યોજનાઓ**

| | |
|---|---|
| કાયમી શેડ ફંડ રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ રૂા. ૫૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે.** | |
| કાયમી નિભાવ ફંડ રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી રૂા. ૪૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે.** | |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

advt

## દેહદાન

**શ્રી ચંદ્રકાંત જેશીંગલાલ શાહ** મૂળ પાટણના કોકાના પાડાના વતની (ઉં.વ. ૮૧). સાદગીભર્યું જીવન જીવ્યા... જીવનમાં લગભગ ક્યારેય માંદગીનો સામનો કરવો પડ્યો નથી. એટલે કે જીવ્યા ત્યાં સુધી સંપૂર્ણ તંદુરસ્તીભર્યું જીવન જીવ્યા. જીવનમાં વાંચનનો રસ જાળવી રાખ્યો. દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ અને સ્વામી સચ્ચિદાનંદ જેવા લેખકો એમના પ્રિય લેખકો હતા.

જે વ્યક્તિનું વાંચન ઉમદા તેના વિચારો પણ વાંચન જેવા ઉમદા જ હોય. તેમાંનો એક વિચાર 'દેહદાન' વિશે હતો. એમની એ ઈચ્છા તેમના મરણ પછી તેમના પુત્ર અને ડૉ. ભત્રીજીએ પૂર્ણ કરી.

ચંદ્રકાંતભાઈનું દેહાંત થયું, પણ કેટલાંય અપંગ લોકોને જુદા જુદા અંગોના પ્રત્યારોપણમાં પોતાનું પ્રદાન આપી આપણને સહુને દેહદાનનો સાચો અર્થ સમજાવી ગયાં છે.

જૈનતત્વની દ્રષ્ટિએ પણ આ દેહ તો ઈશ્વર છે, પણ આત્મા શાશ્વત છે. છતાં પણ આપણને સહુથી વધુ રાગ તો આપણા આ નશ્વર દેહ માટે હોય છે, પરંતુ ચંદ્રકાંતભાઈ તો જીવનાં જીવતાં જ આ દેહરાગને છોડતા જતા હતા. **ખરેખર આ દેહદાનની રોશની આપણને પણ વિચાર કરવાનો પ્રકાશ આપી રહી છે.**

❑ **ઉષાબેન ચંદ્રકાંતભાઈ શાહ**

## MATRIMONIAL

| | |
|---|---|
| **Name** | : **BHAVYA RAJIV MEHTA (Female)** |
| **Parents** | : Rajiv Rameshchandra & Ketki Rajiv Mehta |
| **DOB** | : 17/09/1991 **Time** : 11.30 am Mumbai |
| **Mohallo** | : Kanasa No Pado **Height** : 5'3" |
| **Education** | : S.Y.B.com / IATA |
| **Occupation** | : Mumbai International Airport (D.F.S.) |
| **Residence** | : Borivali (W) **Contact** : 98693 00560 |
| **E-mail** | : itsrajivmehta@gmail.com |

ADVT

## પાટણના જીનમંદિરોના જિર્ણોદ્ધાર - દેવદ્રવ્ય માટે

પાટણ શહેરના જૈન દેરાસરના જીનાલય જીર્ણોદ્ધાર માટે દેવ દ્રવ્યની જરૂરિયાત હોય તો, દહેરાસર મહોલ્લાના ટ્રસ્ટીઓ/ કાર્યકર્તાઓએ વહેલી તકે **શ્રી કમલેશભાઈ જીવણલાલ ઝવેરી** મો. **9820070981** (મુંબઈ)નો સંપર્ક સાધવા નમ્ર વિનંતી છે.

## CONGRATULATION

Prof. (Mrs) Vaibhavi Ashits Sonetha (Daughter of Yatin Pratapchand Shah, Dhandherwado) Prof. of D.J. Sanghvi College of Engg. was awarded WOMAN ENGINEERING AWARD First time in India by American Society of Materials, U.S.A. President John D. Tirpak in the presence of Chief Guest Dr. K. Sivan, Director, VSSC, Trivandrum at International Exhibition & Conference on Material Engineering, Technology + Heat Treat Show on 14th October at Vashi, Navi Mumbai.

Congratulation on her great achivement.

## અભિનંદન

યુનિવર્સલ હાઈસ્કુલ દહીંસર ખાતે અભ્યાસ કરતા વાસુપૂજ્યની શેરીના શ્રીમતી માનસીબેન તથા શ્રી હિતેશ પિયુષકુમાર શાહના સુપુત્ર **ચિ. તનય** (ઉં.વ. ૭) મુંબઈ ખાતે સ્પેશિયલ બી. ઈન્ટરનેશનલ દ્વારા યોજાયેલ **English Language Development ગ્રુપ - ૨, વર્ષ ૨૦૧૫-૨૦૧૬ની સ્પર્ધામાં નેશનલ તેમજ ઈન્ટરનેશનલ લેવલમાં ઉતીર્ણ થયેલ છે.** નાની વયે **ચિ. તનયને વરેલ સફળતા બદલ અભિનંદન** અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| સાલવી | સાલવીવાડો | મુકેશભાઈ પોપટલાલ સાલવી | ૬૮ | સુરત | ૧૨-૧૦-૨૦૧૬ | આસો સુદ ૧૧ |
| દશા પોરવાલ | કપૂરમહેતાનો પાડો | પ્રવીણાબેન લાલભાઈ શાહ | ૮૬ | નેપયન્સી રોડ | ૧૮-૧૦-૨૦૧૬ | આસો વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | કુંભારીયાપાડો | રશ્મિકાબેન ભુપેન્દ્રભાઈ શાહ | ૭૧ | વિલેપાર્લા | ૨૧-૧૦-૨૦૧૬ | આસો વદ ૦૬ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | અલ્કાબેન ભુપેન્દ્રભાઈ શાહ | ૬૬ | તારદેવ | ૨૧-૧૦-૨૦૧૬ | આસો વદ ૦૬ |
| દશા શ્રીમાળી | ખજૂરીનો પાડો | જયેશભાઈ અમરચંદ શાહ | ૫૮ | કલકત્તા | ૨૭-૧૦-૨૦૧૬ | આસો વદ ૧૨ |
| દશા પોરવાલ | મલ્લાતનો પાડો | દિનેશભાઈ કાંતિલાલ શાહ | ૮૧ | મરીનડ્રાઈવ | ૨૮-૧૦-૨૦૧૬ | આસો વદ ૧૩ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | શીશીરભાઈ માણેકલાલ શાહ | ૭૨ | ચોપાટી | ૦૧-૧૧-૨૦૧૬ | કારતક સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | મહેન્દ્રભાઈ સારાભાઈ શાહ | ૭૮ | ગોરેગામ | ૦૧-૧૧-૨૦૧૬ | કારતક સુદ ૦૨ |
| વિશા પોરવાલ | અજીતનાથની પોળ | અશોકકુમાર માણેકલાલ શાહ | ૭૭ | ઘાટકોપર | ૦૨-૧૧-૨૦૧૬ | કારતક સુદ ૦૩ |
| દશા શ્રીમાળી | મારફતિયામહેતાનો પાડો | કેતનભાઈ દેવેન્દ્રભાઈ શાહ | ૬૦ | વિલેપાર્લા | ૦૨-૧૧-૨૦૧૬ | કારતક સુદ ૦૩ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | નલિનીબેન મહેન્દ્રભાઈ શાહ | ૭૧ | ચોપાટી | ૦૪-૧૧-૨૦૧૬ | કારતક સુદ૦૪ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | રક્ષાબેન ચંદ્રકાંતભાઈ શાહ | ૬૭ | ગોરેગામ | ૧૪-૧૧-૨૦૧૬ | કારતક સુદ ૧૫ |

* ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા રહેઠાણ વિસ્તારની જુદી જુદી ટીમોની **ક્રિકેટ ટુર્નામેન્ટનું** દર વર્ષની માફક ચાલુ સાલે જાન્યુઆરી માસ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે. ભાગ લેવા ઈચ્છુક ક્રિકેટ ટીમોએ તા. ૧૫-૧૨-૨૦૧૬ સુધીમાં રૂા. ૨૫૦/- ભરીને નામ નોંધાવવા.

ગત વર્ષથી ક્રિકેટ ટીમોને સ્પોન્સર કરવાની પ્રણાલિકા શરૂ કરવામાં આવેલ છે. તદ્અનુસાર ચાલુ સાલે પણ ભાગ લેનાર ટીમોને સ્પોન્સરશીપ લેવામાં આવશે, રસ ધરાવનાર વ્યક્તિઓએ નીચે જણાવેલ માનદ્‌મંત્રીઓને **તા. ૫-૧૨-૨૦૧૬ સુધીમાં** પોતાના નામો નોંધાવવા ખાસ વિનંતી છે.

**શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ - 9820045595**
**શ્રી રાજીવભાઈ કેશરીચંદ શાહ - 9322714133**
**શ્રી પુનીતભાઈ સૂર્યકાંતભાઈ શાહ - 9821734331**

## આઉટડોર ગેમ - એથ્લેટીક ગેમ સ્પર્ધા

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા તા. ૧૧-૧૨-૨૦૧૬ના યોજાયેલ આઉટડોર ગેમનું આયોજન કરવામાં આવેલ જેમાં અપૂરતી એન્ટ્રીઓના પરિણામે મુલતવી રાખવામાં આવેલ છે. જે ખેલાડીઓએ ભાગ લેવા ફોર્મ ભરેલ છે તેઓએ રકમભર્યાની અસલ રસીદ રજૂ કરી મરીનડ્રાઈવ, ગોરેગામ તથા બોરીવલી ખાતેથી રકમ પરત મેળવી લેવા વિનંતી.

❑ **સ્પોર્ટ સમિતિ**

## નિમંત્રણ

### શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

પાટણ ખાતે ચાલુ વર્ષે શાળાનો વાર્ષિકોત્સવ, શૈક્ષણિક ઈનામ વિતરણ તથા શાળાનું મુખપત્ર ''સૌરભ''નું વિમોચન અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના એસોસિયેશન દ્વારા ''સ્નેહમિલન'' ઈત્યાદિ કાર્યક્રમનું નીચેની વિગતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં સર્વે સભ્યોને તથા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહી કાર્યક્રમને માણવા પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.

**દિનાંક** : રવિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૬
**સ્થળ** : શ્રી બી.ડી.એસ વિદ્યાલય પટાંગણ
ફાટીપાળ દરવાજા બહાર, પાટણ (ઉં. ગુજરાત)
**સમય** : બપોરે ૩.૦૦ થી રાત્રે ૮.૦૦ કલાકે

### શ્રી પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પાટણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સને ૨૦૧૪માં અતિથિગૃહનું રીનોવેશન કાર્ય હાથ ધરવામાં આવેલ દાતાશ્રીઓના દાનથકી અદ્યતન સુવિધાઓ સહિત નૂતનીકરણનું કાર્ય પૂર્ણ થતાં અતિથિગૃહ પુનઃ શરૂ થઈ ગયેલ છે. અતિથિગૃહ રીનોવેશનના વિશાળ ખર્ચમાં સમાજના દાતા પરિવારો તરફથી સખાવતો પ્રાપ્ત થયેલ છે, તે સર્વે દાન આપનાર દાતાશ્રીઓ સાથે સ્નેહમિલન સમારંભનું નીચેની વિગતે આયોજન કરવામાં આવેલ છે, જેમાં સર્વે સભ્યોને રૂબરૂ પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.

**દિનાંક** : શનિવાર, તા. ૧૭-૧૨-૨૦૧૬
**સ્થળ** : શ્રી પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ
પીપળાશેર, પાટણ (ઉં. ગુજરાત)
**સમય** : સાંજે ૪.૦૦ કલાકે

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

• તા. ૭-૯-૨૦૧૬ના રોજ સ્કાઉટ ગાઈડ દ્વારા સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત આપણી શ્રી બી.ડી.એસ. વિદ્યાલયમાં રંગોલી સ્પર્ધાઓની હિરફાઈ યોજાઈ હતી. ધો. ૯ થી ધો ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં અલગ-અલગ થીમ પર કૌશલ્યનો વિકાસ, રાષ્ટ્રીય મૂલ્ય અને સ્વચ્છતાની પ્રેરણાથી સમાજમાં લોક જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

• શાળામાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. રાધાકૃષ્ણના જન્મદિનની ઉજવણી શાળાના વિદ્યાર્થીઓએ આચાર્યથી લઈ સેવકગણ સુધીની ફરજ બજાવી હતી.

• તા. ૧૪-૯-૨૦૧૬ના રોજ શ્રી બી.ડી.એસ. વિદ્યાલય ખાતે સેવા ક્ષમતા પ્રવૃત્તિમાં તૈયાર કરેલા વિદ્યાર્થીઓમાં ૧૭મી નેશનલ સ્કાઉટ ગાઈડ જામ્બોરી-કર્ણાટકમાં ૨૧ ડિસેમ્બર થી યોજાવાની છે તેમાં જિલ્લામાંથી ૯ વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે. તેમાં ૭ વિદ્યાર્થીઓ આપણી શાળાના પસંદગી પામ્યા છે.

• તા. ૧૪-૯-૨૦૧૬ના રોજ જિલ્લાકક્ષાની નેશનલ રૂરલ આઈટી ક્વીઝ અંગે એક સેમિનાર સ્પર્ધા યોજાઈ હતી જેમાં આપણી શાળાની બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

• તા. ૧૫-૯-૨૦૧૬ રોજ શ્રી બી.ડી.એસ. વિદ્યાલયમાં રાષ્ટ્રભાષા હિન્દી દિને વકૃત્વ સ્પર્ધા અને હિન્દી દિનની ઉજવણી કરવામાં આવી.

• પાટણના ટેનિસ પ્લેયર મેઘ પટેલ ૨૭ સપ્ટેમ્બરથી હંગેરી ખાતે રમાનાર જુનિયર ડેવિસકપ વર્લ્ડગૃપમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરશે. મેઘ પટેલ ચાલુ સાલે આપણી શાળામાં ધો. ૧૧ આર્ટસમાં અભ્યાસ કરે છે. રાષ્ટ્રકક્ષાએ પ્રતિનિધિત્વ કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

• તા. ૨૯-૯-૨૦૧૬ના વિદ્યાલયમાં સ્વચ્છતા અને સમરસતા કાર્યક્રમ યોજાયા હતા જે અંતર્ગત શ્રી બી.ડી.એસ. વિદ્યાલયમાં ગુજરાત સરકારના સ્વચ્છતા અને સમરસતા કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શાળાની આસપાસના ઝુપડપટ્ટી વિસ્તારમાં સ્વચ્છતા અને સમરસતાં, સ્વચ્છતા ત્યાં પ્રભુતા વગેરે ખ્યાલો સવિસ્તાર સમજાવી આપણા થકી સમાજનું આરોગ્ય સારુ બને છે. પરિણામે 'સ્વ'નું કલ્યાણ થાય છે તેવી સમજણ આપવામાં આવી.

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2016.
PATAN PRATIBIMB ● November 2016 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every

# સાભાર સ્વીકાર

**સમાજવિકાસ કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી જીતાબેન રજનીકાંતભાઈ ઝવેરી
(કનાસાનો પાડો)

**શિક્ષણ સહાય કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- શ્રી અમીતભાઈ રસિકલાલ વોરા
(ખડાખોટડીનો પાડો)

**મેડીકલ સહાય કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- શ્રી અજયભાઈ રસિકલાલ વોરા
(ખડાખોટડીનો પાડો)

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રી રમેશભાઈ ચીમનલાલ શાહ (લખીયારવાડો)
સ્વ. શ્રીમતી નીલાબેન રમેશભાઈ શાહના સ્મરણાર્થે

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૦૦,૦૦૦/- શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ
(વાસુપૂજ્યની શેરી)

**શ્રીમતી મણીબેન અમૃતલાલ જેશીંગલાલ (પટ્ટણી ઓપ્ટીશીયન) નેત્રચિકીત્સા રીલીફ ફંડ**

૩૧,૦૦૦/- શ્રી અમીતભાઈ મહેન્દ્રભાઈ શાહ
(ભાભાનો પાડો)

**સીનીયર સિટિઝન કોરપસ ફંડ**

૨૫,૦૦૦/- શ્રીમતી વીણાબેન મુકેશભાઈ શાહ (દાઢી)
સ્વ. શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહના સ્મરણાર્થે
(મારફતિયા મહેતાનો પાડો)
હ. શ્રી મૌલિક મુકેશભાઈ શાહ

**શિક્ષણ સહાય ભેટ**

૧૦,૦૦૦/- ડૉ. ભદ્રાબેન દેવેન્દ્રકુમાર શ્રોફ
સ્વ. શ્રી સુંદરલાલ પોપટલાલ શાહના સ્મરણાર્થે
(મણીયાતી પાડો)

૫,૦૦૦/- શ્રી જતીનભાઈ દિનેશભાઈ શાહ
(મલ્લાતનો પાડો)
સ્વ. શ્રી દિનેશભાઈ કાંતિલાલ શાહના સ્મરણાર્થે

**સમુહ લગ્ન ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી જ્યોત્સનાબેન નિરંજનભાઈ
હિંમતલાલ શાહ (ઢંઢેરવાડો)

**દવા સહાય ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી સરલાબેન દેવેન્દ્રકુમાર શાહ
સ્વ. શ્રી કેતનભાઈ દેવેન્દ્રકુમાર શાહના
સ્મરણાર્થે (પડીગુંદીનો પાડો)

**શ્રી પાટણ જૈન મંડળ** આયોજિત
**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા** પ્રેરિત

## સમૂહલગ્ન સમારોહ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે છવ્વીસમાં સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંકઃ સંવત ૨૦૭૩, મહા સુદ ૯**
**રવિવાર, તા. ૫-૨-૨૦૧૭**

**સમૂહ લગ્નમાં જોડાવવા અંગેના માહિતી ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.**

ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૦૫-૧૨-૨૦૧૬ છે.

વધુ માહિતી માટે સંપર્કઃ
શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય - ૨૨૮૧૧૩૪૬

**Programs for November 2016**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Education | Sun | 27-Nov. | Kar. V 13 | 9.30 am | PJM Sabhagruh | Prize Distribution |

**Tentative Programs for Forthcoming Months**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Program | Sun | 5-Feb | Mah S 9 | ... | ... | Samuh Lagan |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,